ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૧** **તા.૧૯.૯.૨૦૧૭**

# ગુજરાત પ્રદેશ ભાજપાની બૃહદ કારોબારીમાં રાજકીય પ્રસ્તાવ, અભિનંદન પ્રસ્તાવ તથા નર્મદા યોજના અંગેના પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યા, જેને સંપૂર્ણ સમર્થન સાથે અનુમોદન અપાયુ.

-----------------

બૃહદ કારોબારીમાં કેન્દ્રિય કૃષિમંત્રીશ્રી પરષોત્તમભાઈ રૂપાલાજીએ રાજકીય પ્રસ્તાવ રજુ કર્યો હતો. ભાજપાના શાસનમાં કેન્દ્ર તથા રાજ્યમાં જે વિકાસની વિક્રમજનક ગતિ રહી છે, જ્યારે કોંગ્રેસ દ્વારા દેશના તથા રાજ્યના વિકાસમાં ઉભા કરવામાં આવેલા અંતરાયો અંગે વિસ્તૃત માહિતી તેમણે આપી હતી. પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડયાએ પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું.

ગુજરાતની જીવાદોરી સમી નર્મદા યોજનાની વિસ્તૃત માહિતી આપતો પ્રસ્તાવ ઉપમુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલે રજુ કર્યો હતો. ભાજપા શાસન દ્વારા નર્મદા યોજના અંગે પૂર્ણમનથી કરવામાં આવેલ સંઘર્ષ અને માતબર યોગદાન અંગે તથા કોંગ્રેસે શરૂઆતથી જ યેનકેન પ્રકારેણ આ યોજના ખોરંભે પાડવા માટે કરેલા પ્રયત્નો અંગે તેમણે વિગતવાર માહિતી આપી હતી.

કચ્છ-રાપરના ધારાસભ્યશ્રી પંકજભાઇ મહેતાએ કચ્છના વિકાસમાં ભાજપા શાસનમાં સાકાર પામેલા નર્મદા યોજના અંગે રસપ્રદ માહિતી આપીને પ્રસ્તાવને અનુમોદન આપ્યું હતું.

પ્રદેશ ઉપપ્રમુખશ્રી આઇ. કે. જાડેજાએ કેન્દ્ર તથા રાજ્ય સરકારની સિધ્ધિઓ વર્ણવતો અભિનંદન પ્રસ્તાવ રજુ કર્યો હતો. પ્રદેશ ઉપપ્રમુખશ્રી રમીલાબેન બારાએ તેને અનુમોદન આપ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા સેલ